# સંપાદકીય

## સિલ્ક રૂટ પાછળ ચીનની ખંધી મહત્ત્વાકાંક્ષા

વિશ્વમાં એકહથ્થુ આર્થિક મહાસત્તા બનવા સતત પ્રયત્નશીલ ચીનના અબજો ડોલરના ખર્ચવાળી મહત્ત્વાકાંક્ષી વન બેલ્ટ વન રોડ (ઓબીઓઆર) યોજના હવે આગળ ધપવાના નિર્ણાયક તબક્કામાં છે. તાજેતરમાં આ મામલે ચીને બીજિંગમાં બોલાવેલા શિખર સંમેલનમાં આ મહત્ત્વાકાંક્ષી યોજનાથી એશિયા, આફ્રિકા અને યુરોપને જોડવા અંગે વિગતે ચર્ચા થઇ હતી. ત્રણ ખંડના ૬૫ દેશોને માર્ગો, રેલવે અને બંદરોના નેટવર્ક થકી જોડવાની વાત આમ તો ચીન પાસે છેક ૨૦૧૩થી છે. આ માટે તેણે ૬૦ અબજ ડોલર અત્યાર સુધી ખર્ચી નાખ્યા છે. આગામી પાંચ વર્ષમાં તેનો ૬૦૦થી ૮૦૦ કરોડ ડોલર વધુ ખર્ચવાનો ઈરાદો છે. ચીન એમ માને છે કે આ વિશ્વનો સૌથી મોટો સિલ્ક રૂટ બની રહેશે અને તેનાથી વિશ્વમાં આર્થિક મંદી દૂર થઇ શકશે, પણ આ યોજનાના પ્રથમ ચરણમાં તેણે ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી)નું કામ મોટાપાયે હાથ ધર્યું છે. આ કોરિડોર પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાંથી પસાર થતો હોવાને લીધે ભારતે તેનો વિરોધ કર્યો છે. આ વિરોધના અનુસંધાનમાં ભારતે બીજિંગની ઓબીઓઆર શિખરમાં ભાગ લીધો ન હતો. ભારતનો વિરોધ આ યોજના કરતાં પોતાની અખંડિતતાના ઉલ્લંઘનને લીધે છે, પણ ચીનના આવા કોઈપણ ઈરાદા કે યોજના સામે વિશ્વ હંમેશાં શંકાની નજરે જોતું રહે છે, તેમાં ભારત અગ્રેસર છે. હવે ભારતે આ યોજના અંગે અમુક સવાલ ઊભા કરવા શરૂ કર્યા છે. ખાસ તો ભારતે આ યોજનાના નાણાકીય બોજા અને તેને લીધે થનારા ધિરાણને પરત કરવાના બોજાનો સવાલ ઊભો કર્યો છે. ભારતે આ મુદ્દો ઉઠાવીને યોજના હેઠળ આવતા નાના દેશોમાં શંકાનાં બીજ વાવી દીધાં છે. ખાસ તો બલૂચિસ્તાનના લોકોની શંકાને વધુ ઘેરી બનાવી છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનનો એક મોટો વર્ગ પાકિસ્તાન સાથેના સીપીઈસીનો ભારે વિરોધ કરી રહ્યો છે. તેમને એમ લાગી રહ્યંઅ છે કે સીપીઈસી તેમની માટે ગુલામીનું નવું માધ્યમ બનશે. આમ તો પાકિસ્તાનમાં પણ આ મહત્ત્વાકાંક્ષી યોજના અંગે સવાલ ઊભા થવા લાગ્યા છે. ત્યાંના અર્થતંત્રમાં ચીનની કંપનીઓની દખલગીરી વધવાની શરૂઆત થઇ ગઇ છે. આ યોજના માટે ચીન દ્વારા અપાતા ઊંચા વ્યાજદર સાથેના ધિરાણથી પાકિસ્તાન હવે તેને અત્યારથી ઘૂંટણિયે પડવા લાગ્યું હોય તેવી છાપ ઊભી થઇ ગઇ છે. આ તો ત્યાં લશ્કરના ડર અને પ્રભાવને લીધે કોઇ સીપીઈસીની સામે મોટાપાયે વિરોધ થતો નથી. જો કે, ગણગણાટ અને દેખાવો થવા લાગ્યા છે. ખરેખર તો ભારતની ભીતિ સાચી ઠરે તો પાકિસ્તાનની જેવી હાલત ઓઆરઓપીમાં સામેલ થનારા ઘણા નાના દેશોની થાય તેમ છે. આ દેશોની સરકારો ચીનના મોંઘા ધિરાણની ચુંગાલમાં ફસાઇ શકે તેમ છે. આરંભમાં તો આવા દેશના રાજકીય નેતાઓ તેમના ઘરઆંગણે માળખાકીય સુવિધાઓને વિકાસ માટે અનિવાર્ય ગણાવીને ચીનની ચાલમાં ફસાઇ જાય તેમ છે.

## ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન-પ્રેરણા માટે રાજ્ય સરકારનું મન ખૂલ્લુ છે- વિજય રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતી ચલચિત્રો-ફિલ્મોને અન્ય ભાષાની સમકક્ષ વિશ્વ પ્રતિષ્ઠા અપાવવા રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતી ફિલ્મોમાં સમયાનુકુલ બદલાવ સાથે યુવા કલાકાર-કસબીઓ-દિગ્દર્શકોની નવી પેઢીના શકિત સામર્થ્યથી સહયોગથી ગુજરાતી ફિલ્મોની પ્રતિષ્ઠા વધુ ઊંચે લઇ જવાની રાજ્ય સરકારની નેમ છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રાષ્ટ્રીય ચલચિત્ર પારિતોષિક વિજેતાઓના અભિવાદન સમારોહ તહેત શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ રોંગ સાઇડ રાજૂની નિર્માણ સંસ્થાને રાજ્ય સરકારની ચલચિત્ર પ્રોત્સાહક નીતિ અન્વયે રૂ. એક કરોડનો ચેક અર્પણ કર્યો હતો.

શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતી ફિલ્મોને-ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન-સહાય પ્રેરણા માટે રાજ્ય સરકારનું મન ખૂલ્લું છે અને સૌના સહયોગથી ગુજરાતી ચલચિત્ર જગતને નવા મૂકામ પર લઇ જવું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ આ ફિલ્મના કલા કસબીઓ, નિર્માતા, દિગ્દર્શક અભિનેતા વગેરેને પ્રશસ્તિ પત્ર અને સ્મૃતિચિન્હથી સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો પુરસ્કાર મરાઠી ફિલ્મ દશક્રિયા માટે મેળવનારા મૂળ ગુજરાતી વરિષ્ઠ અભિનેતા મનોજ જોષી અને ૨૦૧૭નો દાદા સાહેબ ફાળકે ફાઉન્ડેશનનો શ્રેષ્ઠ અભિનેતા એવોર્ડ મેળવનારા યુવા અભિનેતા હિતુ કનોડીયાનું વિશેષ સન્માન અભિવાદન કર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ કે ગુજરાતી ફિલ્મોનો વ્યાપ વધે તથા ગુજરાતી નિર્માતા, દિગ્દર્શકો, કલાકારોને પ્રોત્સાહન મળે તે હેતુથી રાજ્ય સરકારે ચલચિત્ર નિર્માણ પ્રોત્સાહન નીતિ ઘડી છે.

આ ફિલ્મ ઊદ્યોગમાં નવા વિચારો, નવી ટેકનોલોજી નવા પરિમાણોથી યુવાશકિત વિશેષ પ્રમાણમાં પ્રેરિત થઇને ફિલ્મ નિર્માણ-દિગ્દર્શન જેવા ક્ષેત્રે જોડાય તેવી સરકારની મનસા છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આવા રાષ્ટ્રીય સ્તરના એવોર્ડઝ પ્રાપ્ત ફિલ્મોમાંથી પ્રેરણા લઇને અન્ય યુવા કલાકાર-કસબીઓ માત્ર ગુજરાતી ફિલ્મો પુરતી કારકિર્દી સિમીત ન રાખતાં અન્ય ભાષાઓમાં પણ અભિનય, કલા-કસબના ઓજસ પાથરે તે સમયની માંગ છે.

આ પ્રસંગે સન્માન પ્રતિભાવ આપતાં શ્રી મનોજ જોષીએ પોતાની માતૃભૂમિ ગુજરાતમાં તેમને મળી રહેલા આ ગૌરવ સન્માનને વિશ્વના અન્ય કોઈપણ સન્માનથી અદકેરૂં ગણાવ્યું હતું. રોંગ સાઇડ રાજુના નિર્માણ અભિષેક જૈને ગુજરાતી ફિલ્મોને ઓસ્કાર એવોર્ડ નોમીનેશન સુધી પહોચાડવામાં આવા સન્માન નવું બળ પુરૂં પાડશે તેવી શ્રધ્ધા વ્યકત કરી હતી.

શ્રી હિતુ કનોડીયાએ ગુજરાતી ચલચિત્રોના દિગ્ગજ કલાકારો-કસબીઓના સન્માનથી પ્રેરણા લઇને યુવા કલાકારોનો જોમ-જુસ્સો વધશે તેમ જણાવ્યું હતું.

પ્રારંભમાં માહિતી સચિવશ્રી અશ્વિની કુમારે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ ગુજરાતી ફિલ્મ અભિવાદન સમારોહથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્યની ફાસ્ટ ટ્રેકની યાત્રાની કેડીમાં વધુ એક છોગું ઉમેરાયું છે. ગુજરાત સરકારે શ્રેષ્ઠ અને લોકભોગ્ય ગુજરાતી ફિલ્મો નિર્માણ થાય તેમજ ઉત્તમ કલાકારો અને નિર્માતાઓ તૈયાર થાય તે હેતુથી વર્ષ-૨૦૧૬માં ગુજરાતી ફિલ્મ નીતિ જાહેર કરી છે. જેના ફળ સ્વરૂપે આજે આ વિજેતા ફિલ્મ-કલાકારોને સન્માનિત કરવામાં આવી રહ્યા છે.

આ સમારોહમાં માહિતી નિયામક શ્રી એ. જે. શાહે એવોર્ડ વિજેતા કલાકારોને શુભેચ્છા પાઠવી હતી તેમજ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

આ પ્રસંગે પ્રવાસન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, પ્રવાસન વિભાગના અગ્ર સચવિ

શ્રી એસ.જે.હૈદર, મનોરંજન કર કમિશનર શ્રી ધીરજ કાકડીયા તથા ફિલ્મ જગતના કલાકાર-કસબીઓ, મિડીયા કર્મીઓ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# વીજ ઊર્જાના ક્ષેત્રમાં ભારતે મેળવેલી મોટી સફળતા

ભારતના વીજ ક્ષેત્રની મોટી સમસ્યા તો સતત અપૂરતા વીજપુરવઠાની જ હતી. નિરંતર વીજ પુરવઠો આપવામાં તેમને તકલીફ પડતી હતી. ગામડાઓમાં અને શહેરી વિસ્તારોમાં ગમે ત્યારે વીજપુરવઠો અટકી જવાની તકલીફ જોવા મળતી હતી. છેલ્લા ઘણા વર્ષોથી આ સમસ્યાનો સામનો કરી રહેલા ભારતીય વીજ ક્ષેત્રમાં છેલ્લા ત્રણ જ વર્ષમાં બહુ જ મોટો ને અભૂતપૂર્વ બદલાવ આવી ગયો છે.

આજે ભારત દેશ ગૌરવભેર કહી શકે તેમ છે કે તેમની પાસે ૩૦૦૦થી ૪૦૦૦ મેગાવોટ વધારાની વીજળી ઉત્પાદન ક્ષમતા છે અને ગમે ત્યારે તેનો ઉપયોગ કરીને રાજ્યોને તથા વીજ વિતરણ કંપનીઓને વીજળીનો પુરવઠો ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે. આ પુરવઠો પાવર એક્સચેન્જ મારફતે પરવડી શકે તેવા દરથી મળી પણ શકે તેમ છે.

પાવર સેક્ટર પર ધ્યાન કેન્દ્રીત કરીને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા તેમાં લાવવામાં આવેલા સુધારાઓને પરિણામે વીજપુરવઠો પરવડે તેવા દરથી આસાનીથી ઉપલબ્ધ થવા માંડ્યો છે.

ત્રણ જ વર્ષના સમયગાળામાં ભારતની વીજ ઉત્પાદન ક્ષમતામાં એક તૃતિયાંશ એટલે કે ૩૧ ટકાનો વધારો થયો છે. મેગાવોટની દ્રષ્ટિએ આ વધારાની વાત કરવામાં આવે તો વધારો ૭૬,૫૭૭ મેગાવોટનો છે. માર્ચ ૨૦૧૪માં દેશની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪૩ ગીગા વોટ હતી તે વધીને ૨૦૧૭ના માર્ચના અંત સુધીમાં ૩૨૦ ગીગાવોટ થઈ ગઈ છે. આજે ભારતમાં વીજળીનું ઉત્પાદન કરવા માટે મુખ્યત્વે કોલસાનો જ ઉપયોગ કરવામાં આવે છે. તેથી પરંપરાગત અથવા તો કોલસા આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં ૨૬ ટકાનો વધારો થયો છે, જે કુલ વીજ ઉત્પાદન ક્ષમતાનો એક ચતુર્થાંસ હિસ્સો છે. કોલસાથી વીજળી ઉત્પાદન કરવાની ક્ષમતા ૨૦૧૪માં ૨૧૪ ગીગાવોટ હતી તે માર્ચ ૨૦૧૭ના અંત સુધીમાં વધીને ૨૭૦ ગીગાવોટની થઈ ગઈ છે.

ઊર્જાની અછતની વાત કરીએ તો ૨૦૧૪ની સાલમાં ભારતમાં ૪૨,૪૨૮ મિલિયન યુનિટ વીજળીની એટલે કે ૪.૨ ટકા વીજળીની અછત હતી. આ અછત ૨૦૧૭ સુધીમાં ઘટીને ૭૪૫૯ મિલિયન યુનિટ એટલે કે ૦.૭ ટકા (પોણા ટકા) પર આવી ગઈ છે. આ જ રીતે વીજળીની માગ તેની પરાકાષ્ઠાએ કે સર્વોચ્ચ સપાટીએ હોય ત્યારે ૨૦૧૪ની સાલની સ્થિતિએ ૬૧૦૩ મેગાવોટ (૪.૫ ટકા) વીજળીની અછત પડતી હતી. ૨૦૧૭માં આ અછત ઘટીને હવે ૨૬૦૮ મેગાવોટ એટલે કે ૧.૬ ટકા પર આવી ગઈ છે. ૨૦૧૪થી ૨૦૧૭ના સમયગાળામાં વીજ ઉત્પાદન ક્ષમતામાં ૬.૪ ટકાનો કામચલાઉ વધારો થયો છે.

વીજ ઉત્પાદનમાં તેનાથીય વધારેની વૃદ્ધિ થઈ હોત, પરંતુ ૨૦૧૪ પછી સરકારે ત્યારબાદ ઓછી વીજળી વાપરતા સાધનો તરફ ધ્યાન કેન્દ્રીત કરતી ઊજાલા યોજનાનો આશરો લીધો હતો. ૨૦૧૪થી ૨૦૧૬ સુધીમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં ૬૯ ટકાના દરે વધારો થયો છે. પરંતુ ઓછી વીજળી વાપરતા સાધનોનો ઉપયોગ કરીને આપણે ૯..૫ ટકા વીજળીની બચત કરી છે. સૌથી મહત્વની વાત તો એ છે કે ભારત એક સમયે વીજળીની માત્ર આયાત જ કરતો દેશ હતો. આજે ભારત વીજળીની માત્ર નિકાસ જ કરે છે. ૨૦૧૭ની સાલની વાત કરીએ તો ભારત નેપાળને બાંગલાદેશને તથા મ્યાનમારને ૫૭૯૮ મિલિયન યુનિટ વીજળીની નિકાસ કરી રહ્યું છે.

માત્ર વીજ ઉત્પાદન કરવાની ક્ષમતા કે વીજળીનું ઉત્પાદન કરતા રહેવાથી જ આ ક્ષેત્રનો વિકાસ થતો નથી. ઉત્પાદન ઉપરાંત વીજ ટ્રાન્સમિશનમાં સુધારો કરવા માટે પણ ઉચિત પગલાં લેવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વરસ દરમિયાન આ મોરચે પણ ખાસ્સી પ્રગતિ થઈ હોવાનું જોવા મળે છે. સરકારે એક રાષ્ટ્ર, એક ભાવ અને એક જ ગ્રીડનો જે વિચાર વહેતો કર્યો છે તે ભાવનાને વળગી રહીને તેને સાકાર કરવા માટે પગલાં લેવામાં આવ્યા છે. વીજ ટ્રાન્સમિશન સેક્ટરની વાત કરવામાં આવે તો વીજળીની ટ્રાન્સમિશન ક્ષમતામાં ૩૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ કુલ વીજ ઉત્પાદનના એક તૃતિયાંશ હિસ્સો છે. માર્ચ ૨૦૧૪માં ભારતની વીજવહન કરવાની ક્ષમતા ૫,૩૦,૫૪૬ એમ.વી.એ.ની હતી તે માર્ચ ૨૦૧૭ સુધીમાં વધીને ૭,૨૨,૯૪૯ એમ.વી.એ. થઈ છે.

બીજી તરફ માર્ચ ૨૦૧૪માં ટ્રાન્સમિશન માટેની લાઈન ૨,૯૧,૩૩૬ સર્કિટ કિલો મીટર (સીકેએમ) હતી તે ૨૦૧૭ના માર્ચ સુધીમાં વધીને ૩,૬૬,૬૩૪ સર્કિટ કિલો મીટર થઈ ગઈ છે. આ જ રીતે દક્ષિણ ભારતના રાજ્યમાં વીજળી ટ્રાન્સફર કરવા માટેની અલ્ટરનેટ ટ્રાન્સફર કેપેસિટી ૩૪૫૦ મેગાવોટ હતી, તે માર્ચ ૨૦૧૭ સુધીમાં વધીને ૬૪૫૦ મેગાવોટ થઈ ગઈ છે. આ અલ્ટરનેટ ટ્રાન્સફર કેપેસિટીમાં પણ ૮૭ ટકાનો વધાર જોવા મળ્યો છે.

દેશના દરેક ગામડામાં વીજળી પહોંચાડવા માટેની પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની સરકારના મુખ્ય પ્રોગ્રામ હેઠળ ગ્રામીણ મોરચે વીજ સપ્લાય આપવામાં પણ ખાસ્સા સુધારાઓ કરવામાં આવ્યા હોવાથી વીજ ક્ષેત્રના સુધારાઓને નવો વેગ પણ મળ્યો છે.

દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના હેઠળ ગ્રામીણ વીજળીકરણનો કાર્યક્રમ ચાલુ કરવાની ૨૦૧૪માં જાહેરાત કરવામાં આવી હતી. વીજળીનો પુરવઠો ન મેળવતા ગામડાઓમાં વીજળીનો પુરવઠો ચાલુ કરીને ગ્રામીણ વિસ્તારના આ પ્રકારના ગામડાઓના લોકોની જિંદગી બદલી નાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૧૪ની સાલમાં વીજળીનો પુરવઠો ન ધરાવતા ગામડાઓની સંખ્યા ૧૮૪૫૨ની હતી. તેથી જ ખાસ આ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે હાથ ધરેલા સુધારાના કાર્યક્રમ હેઠળ ૧૨મી મે, ૨૦૧૭ સુધીમાં તેમાંથી ૧૩,૧૨૩ ગામડાઓને વીજળીનો પુરવઠો પહોંચાડી દઈને એક નવી જ મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટ ૨૦૧૫ના દિને લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરતા વચન આપ્યું હતું કે એપ્રિલ ૨૦૧૫ની સ્થિતિએ દેશના જે ૧૮,૪૫૨ ગામડાઓમાં વીજળીનો પુરવઠો નથી તે તમામ ગામડાઓમાં ૧૦૦૦ દિવસમાં વીજળીનો પુરવઠો આપી દેવામાં આવશે. કેન્દ્ર સરકારે આ લક્ષ્યાંક નક્કી કર્યુ છે, પરંતુ ઊર્જા, કોલસા, રિન્યુએબલ એનર્જી અને ખાણ ખાતાના જોમવંતા મંત્રી પિયૂષ ગોયલ મે ૨૦૧૮ સુધીમાં વીજળીકરણના લક્ષ્યાંકને સિદ્ધ કરવાની ડેડલાઈન ડિસેમ્બર ૨૦૧૭ કરવા માગી રહ્યા છે. આ સમયગાળામાં તેઓ તમામ ગામડાઓમાં વીજ પુરવઠો પહોંચાડી દેશે તો તે એક મોટો વિક્રમ જ ગણાશે. વીજળીકરણનું લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેની ડેડલાઈન તેઓ આગળ લાવી રહ્યા છે.

દરેક લોકોને પરવડે તેવા ભાવ એલઈડી લાઈટ્સ પૂરી પાડવાની ઉન્નત જ્યતિ યોજના એટલે કે ઊજાલાની ઝૂંબેશના માધ્યમથી વીજળી પહોંચાડવાના આયોજનની વાત ન કરીએ તો વીજ ક્ષેત્રમાં લાવવામાં આવેલા સુધારા અંગેની વાત અપૂરતી જ ગણાશે.

ઓછી વીજળીનો વપરાશ કરતી એલઈડી લાઈટ્સના વિતરણની ચાલુ કરવામાં આવેલી ઝૂંબેશમાં સરકાર દ્વારા ૨૩ કરોડ એલઈડી બલ્બસનું વિતરણ કરવામાં આવ્યું છે. તદુપરાંત ખાનગી કંપનીઓએ ૩૩ કરોડ એલઈડી લાઈટ્સ બજારમાં વેચી છે. તેને પરિણામે વીજવપરાશ કરનારા ગ્રાહકોના વીજ બિલમાં અંદાજે રૂા. ૨૦૦૦૦ કરોડની વાર્ષિક બચત થઈ છે.

આ કાર્યક્રમનો અમલ કરવા માટેની કામગીરી કરતી સરકારની અગ્રણી સંસ્થામાં એનર્જી એફિસિયન્સી સર્વિસિસ લિમિટેડ (ઈઈએસએલ)નો સમાવેશ થાય છે. સરકારે આ કાર્યક્રમ હેઠળ માત્ર બલ્બનું વિતરણ કરીને કામગીરી અટકાવી દીધી નથી. સરકારે બલ્બ ઉપરાંત પંખા, એરકન્ડિસનર્સ, ટ્યૂબ લાઈટ્સ (શહેરી વિસ્તારોમાં) તથા ગ્રામીણ ભારતના ખેડૂતો માટે ઓછી ઊર્જાનો ઉપયોગ કરતા કૃષિ હેતુ માટે ઉપયોગમાં લેવાતા પમ્પનું વિતરણ કરવાની કામગીરી પણ કરી છે.

ભારત સરકાર દ્વારા વીજ ઊર્જાના ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારાઓની ક્વાયતમાં સૌથી મોટો ફાળો કોઈએ આપ્યો હોય તો તે સરકારની ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના છે.

આભાર - નિહારીકા રવિયા આ યોજનાને ટૂંકમાં ઉદયના નામે પણ ઓળખવામાં આવે છે. તેની મદદથી રાજ્ય સરકારની વીજ વિતરણ કંપનીઓના પરફોર્મન્સમાં સુધારો લાવવામાં આવ્યો છે. ઊર્જા ક્ષેત્રના સુધારાઓ માટેની ઝૂંબેશ શરૂ કરવામાં આવે ત્યારે આ ક્ષેત્રની નબળામાં નબળી કડી તરીકે વીજ વિતરણ કંપનીને જોવામાં આવતી હતી.

તેથી જ સરકારે લાંબા સમય સુધી ટકી રહે તેવી વીજ વિતરણ કંપની ઉદય શરૂ કરવામાં આવી હતી. આ કંપનીની સ્થાપના કરવામાં આવી તે યોજનામાં જોડાયાના ત્રણ જ વર્ષના ગાળામાં દેશના ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વીજ કંપનીઓની આર્થિક પરિસ્થિતિમાં બહુ જ મોટો તફાવત આવી ગયો છે.

આ યોજનાને કારણે રાજ્ય સરકારની વીજ વિતરણ કંપનીઓ રૂા. ૧૨૦૦૦ કરોડની બચત કરતી થઈ ગઈ છે. આ યોજનાના સંદર્ભમાં અંદાજે રૂા. ૮૫ ટકા ઉદય બોન્ડ તો ઇશ્યૂ કરી દેવામાં આવ્યા છે. રૂા ૨.૭૨ લાખ કરોડના ઉદય બોન્ડ બહાર પાડવાનું આયોજન હતું, તેમાંથી ૨.૩૨ લાખ કરોડના ઉદય બોન્ડ આજ સુધીમાં બહાર પાડી દેવામાં આવ્યા છે. આ બોન્ડ થકી નાણાં મળ્યા હોવાથી આ વીજ વિતરણ કંપનીઓએ વ્યાજ પેટે કરવા પડતા ખર્ચમાં ખાસ્સો ઘટાડો થઈ ગયો છે.

વીજ ક્ષેત્રમાં સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મોટા સુધારાઓ માટેની પહેલમાં પારદર્શકતા જ સૌથી મોટું ગતિ આપનારું પરિબળ રહ્યું છે. એકલા પાવર સેક્ટરમાં જ ગ્રાહકોને બળવાન બનાવવાના હેતુથી તથા વીજ ખાતાના પરફોર્મન્સને ટ્રેક કરી શકાય અને તેનો અંદાજ મેળવી શકાય તે માટે તેમ જ આ ક્ષેત્રની કંપનીની કામગીરી જે તે ક્ષણે કેવી છે તેનો અંદાજ મેળવવા માટે ઊર્જા ખાતાએ જુદી જુદી એપ (એપ્લિકેશન્સ) અને વેબસાઈટ્સ લોન્ચ કરી છે. તેની મદદથી વીજળીના ક્ષેત્રની કંપનીઓના દાયિત્વમાં પણ પારદર્શકતા લાવી દીધી છે.

વીજ ક્ષેત્રની કંપનીઓ માટે લોન્ચ કરવામાં આવેલી એપ્લિકેશન્સાં ગ્રામીણ વીજળીકરણ માટેની છેલ્લામાં છેલ્લી જાણકારી મેળવવા માટેની એપ્લિકેશન ગર્વ (જીએઆરવી)ની મદદથી ભારતના ગ્રામીણ વિસ્તારમાં અને ઘરોમાં જે તે ક્ષણે કેટલો વીજ પુરવઠો જઈ રહ્યો છે તે જાણી શકાય છે. આ જ રીતે ઊજાલા નામની (એલઈડી બલ્બસના વિતરણની વિગતો આપતી) એપ્લિકેશનની મદદથી ક્યાં કેટલી સખ્યામાં એલઈડી બલ્બસનું વિતરણ કરવામાં આવ્યું તે જે તે ક્ષણે જાણી શકાય છે. આ જ લાઈન પર ત્રીજી એક એપ્લિકેશન વિદ્યુત પ્રવાહને નામે લોન્ચ કરવામાં આવી છે. તેની મદદથી જે તે ક્ષણે કેટલી વીજળી કયા ભાવે ઉપલબ્ધ છે તે અંગેની વિગતો મેળવી શકાય છે. ઊર્જાના નામથી ચોથી એક એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલી છે. આ ઊર્જા એપ એટલે અર્બન જયોતિ અભિયાન. આ એપ્લિકેશનની મદદથી વીજ વિતરણ કંપનીઓનું શહેરમાં કેવું પરફોર્મન્સ છે તેની વિગતો પૂરી પાડવાની સાથોસાથ જ તે ઈન્ટિગ્રેટેડ પાવર ડેવલપમેન્ટ સ્કીમ (આઈપીડીએસ) સાથે ગ્રાહકોને જોડીને તેને લગતી તમામ વિગતો પૂરી પાડી આપવાની કામગીરીને વેગ આપે છે. આ જ રીતે ટ્રાન્સમિશન સિસ્ટમનું મોનિટરિંગ કરવા માટે તરંગ નામની એપ્લિકેશન ચાલુ કરવામાં આવી છે. તેની મદદથી ભારતમાં ટ્રાન્સમિશનની સિસ્ટમમાં કેટલો સુધારો આવ્યો છે તેના પર દેખરેખ રાખી શકાય છે. ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના (ઉદય)ની મદદથી ઉદય યોજનાને મોરચે સાધવામાં આવેલી પ્રગતિનો અંદાજ મળી રહે છે. ઉદય યોજનાની સહાયથી વીજ વિતરણ કંપનીઓના ભૂતકાળના, વર્તમાન સમયના અને ભવિષ્યના તમામ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. આ તમામ એપ્લિકેશન્સ ઉપરાંત ઊર્જા મિત્ર નામની એક એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવેલી છે. આ એપ્લિકેશનની મદદથી જે તે ક્ષણે અને ભૂતકાળમાં વીજ વિતરણ કંપનીઓનું પરફોર્મન્સ કેવું હતું તેનો ક્યાસ કાઢવામાં મદદ મળે છે.

આમ ભારતના વીજ ઉત્પાદન ક્ષેત્રએ છેલ્લા ત્રણ વર્ષમાં ખરેખર ખાસ્સી પ્રગતિ કરી છે. આ ક્ષેત્રમાં સુધારાઓ કરવાની પ્રક્રિયા પણ અવિરત અને નિરંતર ચાલુ જ છે. વીજળીના ક્ષેત્રમાં ભારતે કરેલા ફેરફારો અને સુધારાઓની આજે દુનિયાભરના દેશોમાં નોંધ લેવામાં આવી છે. ૨૦૧૪માં વીજળીના ક્ષેત્રની ઉપલબ્ધતા વધારવા માટે સુધારા કરવાની બાબતમાં ભારત ૯૯મા ક્રમે હતો. આજે ભારતે તેમાં જંગી સુધારો કરીને વિશ્વમાં ૨૬મો ક્રમ મેળવી લીધો છે.

ઊર્જા મંત્રી પિયૂષ ગોયલના જ શબ્દોમાં આ લેખનું સમાપન કરવું અનુચિત નહીં જ ગણાય. તેઓ કહે છે, ''વીજળીના ક્ષેત્રની ઘણી બધી સમસ્યાઓએ ભારતને ઘણા વર્ષ પાછળ ધકેલી દીધો હતો., પરંતુ હવે મૂડ બદલાઈ રહ્યો છે.''

# બેન્કિંગ સેકટર માટે સાનુકૂળ વાતાવરણ સર્જવાનો પ્રયાસ

છેલ્લાં થોડાક વર્ષમાં ભારતના બેન્કિંગ સેકટરમાં સમૂળગુ પરિવર્તન જોવા મળ્યું છે. તેને એક પ્રયત્નપૂર્વકની હાંસલ કરાયેલી નાણાંકીય વાસ્તવિકતા તરીકે ઓળખવામાં આવે છે. જે કાંઈ ફેરફારો કરાયા છે તે મુખ્યત્વે ત્રણ દિશામાં કરાયા છે. તેની સાથે સાથે એક સમાંતર સાનુકૂળ વાતાવરણ પણ ઊભું થયું છે. તેના પરિણામે આગામી વર્ષોમાં નાણાંકીય ક્ષેત્રને મજબૂતી હાંસલ થશે.

સૌથી મહત્વની અને અગત્યની બાબત એ છે કે બેન્કિંગ સેકટરનો વ્યાપ વિસ્તર્યો છે. પ્રધાનમંત્રીની જન ધન યોજના હેઠળ, આર્થિક દરજ્જો કોઈ પણ હોય દરેક પુખ્ત વયની વ્યક્તિ માટે બેન્કના ખાતા ખોલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે એક વિશ્વાસ ઊભો કરવાનું કામ કરી ગઈ હતી. સામાન્ય રીતે બેન્કિંગને જેમની પાસે નાણાં હોય તેમનો વિશેષાધિકાર ગણવામાં આવે છે. આમ છતાં જનધન યોજના હેઠળ જેમને કોઈ સ્થિર કે સ્થાયી આવક ન હોય અથવા તો જે લોકો કોઈ સ્ટાન્ડર્ડ સંદર્ભ ધરાવતા ન હોય તેમને પણ બેન્કના ખાતા ખોલવાની છૂટ આપવામાં આવી હતી.

આ ઝીરો બેલેન્સ ધરાવતા બેન્કના નવા ખાતાઓ બેન્કો માટે પણ સારા પૂરવાર થયા હતા, કારણ કે જેમ જેમ સરકાર કલ્યાણ યોજનાઓની રકમનો લાભ ગરીબોમાં ગરીબ લોકોને પણ આ ખાતાઓમાં જમા કરાતી થઈ તેમ તેમ આ ખાતા ઝીરો બેલેન્સ એકાઉન્ટ રહ્યા નહીં. વિવિધ લાભોની સીધી તબદિલી થવાના કારણે ભંડોળમાં લિકેજ અટક્યું અને સાચા લાભાર્થીને લાભ થયો અને કલ્યાણ યોજનાઓના લાભની વિતરણ વ્યવસ્થામાં સમૂળગુ પરિવર્તન આવ્યું. મોટી સંખ્યામાં ખોલાયેલા આ ખાતાઓને કારણે નાણાંકીય પધ્ધતિ સર્વસમાવેશીતા આવશે.

બીજી બાબત એ છે કે સરકારે બેન્કિંગ સેકટરની માળખાગત વ્યવસ્થા સબળ બનાવવાનું કામ હાથ ધર્યું. આ સંદર્ભમાં બે પગલાં ટાંકી શકાય તેમ છેઃ તેમાંનું એક છે જાહેરક્ષેત્રની બેન્કોના બોર્ડમાં પ્રોફેશનાલાઈઝેશન તરફનો ઝોક છે. આજે પણ જાહેરક્ષેત્રની બેન્કોએ ભારતીય નાણાં વ્યવસ્થા માટે રક્ષણકર્તા તરીકેનું કામ કર્યું છે અને બેન્કોના બોર્ડના વ્યવસાયીકરણ ઉપર વિશેષ ઝોક મૂકવાની જરૂર જણાતી નથી. આપણે અગાઉ જોયું છે કે બેન્કોના બોર્ડમાં કેવી રીતે જગાઓ ભરવામાં આવતી હતી. બેન્કિંગનું કોઈ જ્ઞાન કે નિપુણતા ન હોય તેવા લોકોનો એટલા માટે સમાવેશ કરવામાં આવતો હતો કે એ લોકો જે તે સમયે સત્તાધારી પક્ષો સાથે જોડાયેલા હતા. આપણે જોયું કે સરકાર જાહેરક્ષેત્રની બેન્કોના બોર્ડમાં નોમિની તરીકે કારકીર્દિ પૂરી થવાની હોય તેવા તબક્કે નિમણૂકો કરાતી હતી. એક ઉદાહરણ એવું પણ છે કે ખુદ ચૂંટણી પંચે બેન્કોના બોર્ડમાં ઉતાવળે કરાતી નિમણૂકો અંગે દિશા નિર્દેશ કરવો પડ્યો હતો.

બેન્કોના બોર્ડમાં થતી મોટાભાગની નિમણૂકો રાજકીય નિમણૂકો હોવાના કારણે નિમણૂક પામેલા લોકો ધિરાણ આપવામાં પણ વગ ધરાવતા હતા. જે લોકો ધિરાણને પાત્ર ન હોય તેમને પણ બેન્કોનું ભંડોળ મળતું હતું. આવા લોકો છેવટે ધિરાણ પાછું વાળવામાં નિષ્ફળ નિવડે તેનું કોઈ અચરજ થતું નથી. બેન્કોના બોર્ડમાં સભ્યો નિમવા માટે સંસ્થાકીય વ્યવસ્થાની રચના કરવાને પરિણામે બેન્કોના બોર્ડઝ મજબૂત થશે. પસંદગી સમિતિ એવા લોકોને જ પસંદ કરશે કે જે લોકો યોગ્યતા ધરાવતા હોય અને જરૂરી વ્યવસાયિક નિપુણતા પણ ધરાવતા હોય. બેન્કના બોર્ડમાં સભ્ય તરીકે નિમણૂક કરવી તે નાનું કામ નથી, કારણ કે જાહેરક્ષેત્રની બેન્કોના બોર્ડઝમાં નિમણૂકો થતી જ હોય છે.

તાજેતરમાં બીજું એક સંસ્થાકીય કદમ ઉઠાવવામાં આવ્યું છે તેનાથી મોટી નીતિ વિષયક અસર થશે. હમણાં સુધી રિઝર્વ બેન્કની નાણાં નીતિ ઘડવાની કામગીરી જે તંત્ર દ્વારા કરવામાં આવતી હતી તે રિઝર્વ બેન્કના ગવર્નર માટે મુખ્યત્વે સલાહકારની કામગીરી બજાવતી હતી. આ કારણે નીતિ વિષયક નિર્ણયો કોઈ સામૂહિક નિર્ણય બનવાને બદલે ગવર્નર અને તેમની પોલિસી કાઉન્સિલના નિર્ણયો બની રહેતા હતા. એક ઉચ્ચ સ્તરની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સમિતિએ મોનિટરી પોલિસી કમિટિના આધુનિકીકરણનું સૂચન કર્યું છે અને જણાવ્યું છે કે આ સમિતિએ સંયુક્તપણે રિઝર્વ બેન્કના નીતિ વિષયક નિર્ણયો લેવા જોઈએ.

આથી મોનેટરી પોલિસી કમિટિ (એમપીસી)ની રચના કરવામાં આવી અને ત્યારથી મોનેટરી પોલિસીના નિર્ણયો આ સમિતિના વિશેષાધિકાર બની રહ્યા છે. જ્યારે મધ્યસ્થ બેન્કના વડાને તથા અન્ય સભ્યોને આવા નિર્ણયોમાં મતદાનની તક રહે છે. એવું કહી શકાય કે નાણાંકીય નીતિ અમેરિકા અને યુકે જેવા અર્થતંત્રોમાં એક સામૂહિક નિર્ણય કમિટિ દ્વારા જ નક્કી થાય છે. આ પ્રકારે નિર્ણય લેવાથી વ્યક્તિગત ક્ષતિ કે એક જ દિશાનો વૈચારિક ઝોકની સ્થિતિ નિવારી શકાય છે. તાજેતરમાં જે વધુ એક સંસ્થાકીય નવિનતા દર્શાવવામાં આવી તેમાં ભારતીય બેન્કિંગમાં મહત્વના બે નિર્ણયોનો સમાવેશ થાય છે. સૌ પ્રથમ તો ઓથોરિટી દ્વારા નવી બેન્કિંગ સંસ્થાઓની રચના કરવામાં આવી, જેનાથી નવા વિચારો, નવી કંપનીઓ અને નવી સ્પર્ધા માટેની ભૂમિકા ઊભી થઈ. આ નવી ખાનગી બેન્કો હજુ બિન અનુભવી છે, પરંતુ આ બેન્કો એક અલગ અભિગમ દાખવીને થાપણો એકત્ર કરવામાં તથા અત્યાર સુધી અવગણાયેલા ક્ષેત્રોને તથા નવા નાના બિઝનેસ એકમોને ધિરાણમાં અલગ અભિગમ દાખવી રહી છે. આ ક્ષેત્રે બીજી સંસ્થાકીય નવિનતા સ્પેશિયલાઈઝડ બેન્કોનો ઉમેરો છે. એના ઉદાહરણ તરીકે 'પેમેન્ટ બેન્ક' ગણી શકાય. હજુ થોડાક વર્ષ પહેલાં આપણે આવી બેન્કની કલ્પના પણ કરતા ન હતા. છેલ્લો અને તાજેતરનો અભિગમ એ છે કે સરકારે જાહેરક્ષેત્રની બેન્કોના ખરાબ ધિરાણોનો પોર્ટફોલિયો હળવો કરવા માટે ગંભીર વલણ અપનાવ્યું છે. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે જે વિગતવાર પગલાં લેવાશે તેની સંપૂર્ણ જાણકારી નથી, પરંતુ તેની રૂપરેખામાંથી સ્પષ્ટ નિર્દેશ મળે છે કે આ વખતે ભારતીય બેન્કિંગ સેક્ટરનો પાયો હચમચાવી મૂકનાર બહુચર્ચિત મુદ્દાનું નિરાકરણ કરાશે.

અર્થતંત્રમાં ધિરાણનો પ્રવાહને શરીરમાં લોહીના પરિભ્રમણ જેવું ગણવામાં આવે છે. ખરાબ દેવાના વધતા જતા પ્રમાણને કારણે ધિરાણના પ્રવાહને માઠી અસર થાય છે અને જો નાણાંનું પરિભ્રમણ અટકી પડે તો સમગ્ર તંત્ર ભાંગી પડે તેમ છે. ખરાબ દેવાનો અર્થ એવો થાય છે કે આવા નાણાં સર્ક્યુલેશનમાં ફરતા બંધ થઈ જાય છે અને એક બંધિયાર ખાળકૂવો બની જાય છે. આવી પરિસ્થિતિ કેવી જોખમી બની શકે તેનો ખ્યાલ ઓચિંતી ઊભી થયેલી 'સબ- પ્રાઈમ લોન ક્રાઈસીસ' અને તેને કારણે અમેરિકાની બેન્કોના ધિરાણમાં આવેલી સ્થગિતતા ઉપરથી મળે છે. આ કટોકટીભરી સ્થિતિને કારણે વર્ષ ૨૦૦૮માં વૈશ્વિક નાણાંકીય કટોકટી ઊભી થઈ હતી. ભારતના નાણાંકીય ઈતિહાસના ઉદાહરણો જણાવે છે કે બેન્કોના ખરાબ દેવાની સ્થિતિને ઓછી આંકવામાં આવી છે. હકિકતમાં બેન્કોના સરવૈયાઓ ચોખ્ખા અને મજબૂત હોવા જોઈએ અને તેનાથી માંદગી અથવા તો દેવાનો બોજ ખડકાવો જોઈએ નહીં. તાજેતરમાં બેન્કોના ખરાબ ધિરાણોના પોર્ટફોલિયોની સમસ્યા હલ કરવા માટે રિઝર્વ બેન્કને વ્યક્તિગત બેન્કોની બાબતમાં પગલાં લેવા માટે સીધી સત્તા આપવામાં આવી છે, જેને એક નોંધપાત્ર અને પ્રગતિશીલ કદમ ગણી શકાય. અત્યાર સુધી એવું બનતું રહ્યું હતું કે વ્યક્તિગત બેન્કોનું મેનેજમેન્ટ નાદાર થયેલી કંપનીઓના જૂથો સામે નિર્ણાયક કદમ લેવામાં અને તેમને પેકેજ આપવામાં સંકોચ અનુભવતું હતું. બેન્કોના મેનેજમેન્ટ સામે ભવિષ્યમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થશે.

## ફિલ્મ 'હિન્દી મિડિયમ'ના સ્ટાર કાસ્ટે અમદાવાદની મુલાકાત લીધી



**અમદાવાદ,** બોલીવુડની અપકમિંગ ફિલ્મ 'હિન્દી મિડિયમ'ના સ્ટારકાસ્ટ પોતાની ફિલ્મને પ્રમોટ કરવા માટે ખાસ અમદાવાદના મહેમાન બન્યા હતા. જેમાં ખાસ કરીને ફિલ્મના લીડ એક્ટર ઈરફાન ખાન, તેમજ ફિલ્મના પ્રોડ્યુસર્સ ભુષણકુમાર અને દિનેશ વિજન ઉપસ્થિત રહ્યા હતા.

'હિન્દી મિડિયમ' ફિલ્મની સ્ટોરી એ દરેક માતા-પિતાની કહાણી છે જેઓ પોતાના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપવા માંગતા હોય છે. રાજ અને મીતાને ત્રણ વર્ષની દિકરી છે, માતા-પિતા તરીકે રાજ અને મીતા પોતાની દિકરીને બેસ્ટ લાઈફ આપવા માંગે છે. તમે સ્ટોરી જેમ જેમ સમજશો તેમ તેમ જાણશો કે રાજ અને મીતા પોતાની દિકરીના એડમિશન માટે કેટલો સંઘર્ષ કરે છે.

ફિલ્મમાં એક માતા-પિતાનો પોતાની દિકરીના એડમિશન માટેનો સંઘર્ષ દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મમાં કોમેડીની સાથે સાથે એક ખુબ જ સરસ મેસેજ આપવામાં આવ્યો છે. શુક્રવારે તારીખ ૧૯મી મે ના રોજ ફિલ્મ રિલિઝ થવા જઈ રહી છે ત્યારે જોવાનું ચુકતા નહી ફિલ્મ 'હિન્દી મિડિયમ'. (૧૯-૧૦)

# ૩ ખેડુતોને ખેડુત અકસ્માત યોજના હેઠળ રૂ. ત્રણ લાખના ચેક અપાયાઃ કૃષિ મહોત્સનવમાં ૧૩,૮૪૭ ખેડુતોએ ભાગ લીધો

**સૂરતઃ** ખેડૂતોની આવક બમણી કરવા અને વૈજ્ઞાનિક ઢબે ખેતીનું માર્ગદર્શન મળી રહે તેવા ઉદ્દેશથી રાજ્યના કૃષિ વિભાગ દ્વારા ૬ મે થી ૨૭ મે સુધી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કૃષિ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. ૧૫ મે ના રોજ વ્યાયરા ખાતે યોજાયેલા સુરત અને તાપી જિલ્લાના કૃષિ મહોત્સકવમાં બેસ્ટ ફાર્મર એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. બારડોલી તાલુકાના રજવાડ ગામના ખેડુત શ્રી હરસિંગભાઈ આર. ચૌધરીને પરવળની આધુનિક ખેતી દ્વારા મબલખ ઉત્પાદન મેળવવા બદલ જિલ્લા કક્ષાનો બેસ્ટ ફાર્મર એવોર્ડ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સુરત જિલ્લામાંથી ખેતીવાડી શાખા, આત્મા પ્રોજેક્ટ, સુમુલ ડેરી, અને સુગર ફેક્ટરીના સહયોગથી ૧૦,૧૧૫ પુરુષ અને ૩,૭૩૨ મહિલાઓ મળી કુલ ૧૩,૮૪૭ ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરિયા અને વન, પ્રવાસન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સુરત જિલ્લાના ખેતીવાડી શાખાના સહયોગથી ૩ ખેડુતોને ખેડુત અકસ્માત યોજના હેઠળ રૂ. ત્રણ-ત્રણ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. કૃષિ મંત્રીના હસ્તે બાગાયત વિભાગની સહાયથી શોટ'ગ-ગ્રેડિંગ, ટીસ્યુ કલ્ચર રોપા સહાય, ટ્રેક્ટર અને હાઈબ્રીડ બિયારણ ખરીદી માટે મંજુરીપત્રોનું વિતરણ કરાયું હતું.

# સુપર ડાન્સર યોગેશે સબસે બડા કલાકારમાં 'ગોવિંદા' બન્યો હતો



સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર સબસે બડા કલાકારનો સેટ સુપર ડાન્સર બાળકોના સંકલનથી આગ લગાડનારો બની ગયો હતો. યોગેશ દિતીયા, દિપાલી અને માસૂમ શો માં આવ્યા હતા અને સબસે બડા કલાકારના બાળકો સાથે પર્ફોમ કર્ય.

સુપર ડાન્સર્સમાં યોગેશ તેની મિમીકિંગ માટે જાણીતો છે. તે બોલિવુડની ખુબ જ જાણીતી વ્યક્તિઓના મિમીક્સ કરે છે, જેમાંથી એક છે ગોવિંદા. રવિના અને ગોવિંદા તે સ્ક્રિન ઉપરના પ્રેમી પંખીડાઓમાંનુ એક છે, યોગેશ તેમને વિનંતી કરી હતી કે દુલ્હે રાજા મુવી માંથી તેમનુ પ્રખ્યાત ગીત ' ક્યા લગતી હૈ' માં તેની સાથે ડાન્સ કરે. રવિનાએ દરેકને આશ્ર્ચર્ય પમાડિને ડાન્સ કર્યો હતો.

સેટની નજીકના સૂત્રો જણાવે છે કે, ' રવિના બિલ્કુલ જ ખચકાઈ ન હોતી અને ક્ષણને હળવી બનાવવા પૂરી ઉતેજના સાથે યોગેશ સાથે પર્ફોમ કર્યુ હતુ. શો ઉપર સબસે બડા કલાકાર અને સુપર ડાન્સર બાળકો સાથે આ ડાન્સ, ડ્રામા અને કોમેડિની પૂરેપૂરી ધમાલ હતી.

સબસે બડા કલાકારને માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર દર શનિવાર અને રવિવારે રાત્ર ૮:૦૦ કલાકે નિહાળો! (૧૯-૧૦)

# રવિવારે કે.પી.ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ નાયબ મુ.મંત્રી નીતિન પટેલના વરદ્હસ્તે

ઐતિહાસિક સંસ્કારધામ કે.પી. વિદ્યાર્થી ભવન દ્વારા આયોજિત કાશીબેન અંબાલાલ પટેલ (વામજ) કે.પી. ગર્લ્સ હોસ્ટેલ નું લોકાર્પણ કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા ઉધ્ઘાટન રવિવારે તા. ૨૧ ના રોજ સવારે કરવામાં આવશે.

સંસ્થાના પ્રમુખ સતીષભાઈ પટેલના જણાવ્યાં અનુસાર ૨૭૦ બહેનો રહી શકે તેવું વિદ્યાર્થીઓ માટેનું ભવન અંદાજિત ૭ કરોડ ના ખર્ચે બનાવવામાં આવ્યું છે. ધો. ૧૨ પછી શહેરમાં જ અભ્યાસની કારકીર્દી બનાવવા માટે બહેનો માટેજ વ્યવસ્થા કરાઈ છે. જેમાં કડવા પાટિદાર સમાજની બહેનોને પ્રથમ પસંદગી અપાશે.

તેમણે જણાવ્યું કે સ્ત્રી સશક્તિકરણ માટે મહિલાઓને પી.જી. હોસ્ટેલ કરતાં સલામતિ સુવિધાપૂર્ણ વાતાવરણ માળવાનો આ પ્રયત્ન કરવાનો પ્રયાસ છે. જેનો એક બહેનને વાર્ષિક ૫૦ હજાર જેટલી ફી આપવાની રહેશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ બિલ્ડીંગના મુખ્ય દાતા વામજ (મુ. યુએસએ.ના) ડૉ. ચિત્તરંજન અંબાલાલ પટેલ છે.- સભારંભના અધ્યક્ષ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ નારાયણભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે માંડલના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલ, તથા ડૉ. જિતુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

# ગુજરાત મકાન અને અન્યવ બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની યોજનાઓનો લાભ લો

**વલસાડઃ** ગુજરાત મકાન અને અન્યવ બાંધકામ શ્રમયોગી કલ્યાયણ બોર્ડમાં વિવિધ કલ્યાીણકારી યોજનાઓ અમલી છે. આ યોજનાઓનો ચણતરકામ, કડિયા, સુથાર, લુહાર, વેલ્ડોર, વાયરમેન, ઈલેક્ટ્રી શીયન, પ્લઓમ્બરર, સેન્ટિંાગકામ, કલરકામ, ટાઈલ્સી કામ, ખોદકામ, ગટરકામ, કોન્ક્રી ટ મોડયુલ્સ? બનાવનાર, ગ્રીલ-બારી-દરવાજાનું ફેબ્રિકેશન અને ઈન્ટોમલ લેશન, ઈંટો નળીયા બનાવનાર, તથા બાંધકામ સાઈટ ઉપરના શારીરિક શ્રમથી કામ કરતા મજુરો લાભ લઈ શકે છે. આ યોજનાઓનો લાભ લેવા નોંધણી કરાવવી જરૂરી છે. જે માટે શ્રમયોગીઓને જરૂરી દસ્તાનવેજો ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ, રેશનકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ત્રણ નંગ ફોટોગ્રાફ અને બેંકની સ્વ યં પ્રમાણિત પાસબુક લઈ ગુજરાત મકાન અને અન્યે બાંધકામ શ્રમયોગી કલ્યા ણ બોર્ડની કચેરી, જિલ્લા સેવાસદન-૨, ભોંય તળિયે ૫?મિ બાજુ, જલારામ મંદિર રોડ, વલસાડ ખાતે રૂબરૂ અથવા મોબાઈલ નંબર ૯૪૨૯૨૨૬૫૦૫ અથવા ૭૨૧૧૧૬૭૧૦૬ ઉપર જિલ્લા પ્રોજેક્ટૂ મેનેજરશ્રી ટી.વી.ઠાકોરનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત મકાન અને અન્ય. બાંધકામ શ્રમયોગી કલ્યાાણ બોર્ડ દ્વારા પ્રસુતિ સહાય, મુખ્ય મંત્રી ભાગ્યનલક્ષ્મી યોજના, આંગણવાડી/ બાલવાડી યોજના, અંત્યેકષ્ઠિક સહાય, આકસ્મિનક મૃત્યુજ/ કાયમી અશક્તીતા સહાય, તબીબી સહાય, વ્યિવસાયિક રોગોના કારણે થતી બીમારીઓમાં ઈજાઓ સહાય, મુખ્ય મંત્રી અમૃતમ વાત્સાલ્ય, (મા) યોજના, રાષ્ટ્રી ય સ્વાીસ્ય્ફ બીમા યોજના પ્રધાનમંત્રી જીવનજયોતિ વીમા યોજના, શ્રી નાનજી દેશમુખ આવાસ યોજના તેમજ મફત કાનુની સહાય વગેરે યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

# શ્રી સુનીલ કુમાર ગર્ગ પશ્ચિમ રેલવેના મુખ્ય વાણિજ્ય પ્રબંધક



ભારતીય રેલ ટ્રાફિક સેવાના ૧૯૮૫ બેચના સીનીયર અધિકારી શ્રી સુનીલ કુમાર ગર્ગ પશ્ચિમ રેલવે, મુંબઈના મુખ્ય વાણિજ્ય પ્રબંધકનું પદ હાલમાં જ ગ્રહણ કરેલ છે.

શ્રી ગર્ગ સિવિલ એન્જીનીયરિંગમાં સ્નાતક અને માળખાકીય એન્જીનીયરીંગમાં અનુસ્નાતક છે.પશ્ચિમ રેલવે ખાતે મુખ્ય વાણિજ્ય પ્રબંધકના પદ પર નિમણુંક થયા પહેલા શ્રી ગર્ગ દક્ષિણ રેલવેના મદુરાઈ ડિવિઝનના ડિવિઝન રેલવે મેનેજરના પદ પર કાર્યરત હતા. શ્રી ગર્ગે જુદા જુદા ક્ષેત્રિય રેલવેના અલગ અલગ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર કાર્ય કરેલ છે અને વાણિજ્ય,પરિચાલન અને સંરક્ષા વિભાગમાં કાર્ય કરવાનો તેમણેમોટો અનુભવ મેળવેલ છે.શ્રી ગર્ગે તાલીમ અને અભ્યાસ કાર્યક્રમો માટે વર્ષ ૨૦૧૨માં શાંઘાઈ અને પેરિસ અને વર્ષ ૨૦૧૬માં ઈટાલીના મિલાન શહેરની મુલાકાત લીધેલ છે.

# વોલ્વો કાર્સ મેક ઈન ઈન્ડિયા પહેલ સાથે જોડાયું




**અમદાવાદ,** અગ્રણી કાર નિર્માતા વોલ્વો કાર્સે વર્ષ ૨૦૧૭માં ભારતમાં વિહિકલ એસેમ્બલી કામગીરીનો પ્રારંભ કરવાની આજે જાહેરાત કરી છે. આનાથી ભારતમાં ઝડપથી વિકસી રહેલા પ્રિમિયમ કાર સેગમેન્ટમાં કંપનીની વૃદ્ધિને બળ મળશે.

દક્ષિણ ભારતમાં બેંગ્લોર નજીક એસેમ્બલી કામગીરીનો પ્રારંભ કરાશે અને તેમાં વોલ્વોના એસપીએ મોડ્યુલર વિહિકલ આર્કિટેક્ચર આધારિત મોડલ્સ ઉપર ધ્યાન અપાશે. અહીં સૌપ્રથમ એસસી૯૦ પ્રિમિયમ એસયુવીને એસમ્બલ કરાશે. ત્યારબાદના તબક્કામાં સ્થાનિક એકમમાં અન્ય મોડલ્સના એસેમ્બલની જાહેરાત કરવામાં આવશે.

ભારતમાં એસેમ્બલી કામગીરીની સ્થાપના કરવા માટે વોલ્વો કાર્સ હાલમાં ટ્રક, બસ, બાંધકામ ઉદ્યાકરણો અને પેન્ટા એન્જિન્સ મેન્યુફેક્ચરર વોલ્વો ગ્રુપ ઈન્ડિયા સાથે મળીને કામ કરી રહ્યું છે અને તે બેંગ્લોર ખાતે આવેલા વોલ્વો ગ્રુપ ઈન્ડિયાની પ્રવર્તમાન માળખાકીય સુવિધાઓ અને પ્રોડક્શન લાઈન્સનો ઉદ્યાયોગ કરશે. કોન્ટ્રેક્ટ અને નાણાકીય વિગતો અંગે હાલ કોઈ જાણકારી આપવામાં આવી નથી.

આ અંગે વોલ્વો કાર્સના પ્રેસિડેન્ટ અને સીઈઓ હાકાન સેમ્યુલ્સને જણાવ્યું હતું કે, ભારતમાં વિહિકલ એસેમ્બલી કામગીરીનો પ્રારંભ કરવો એ વોલ્વો કાર્સ માટે મહત્વપૂર્ણ પગલું છે કારણકે અમે ઝડપથી વિકસતા માર્કેટમાં અમારું વેચાણ વધારવાનો ઉદ્દેશ્ય ધરાવીએ છીએ અને આગામી વર્ષોમાં લક્ઝરી સેગમેન્ટમાં અમારી હિસ્સેદારી બેગણી કરવાનું લક્ષ્ય રાખીએ છીએ. (૨૦-૪)

# ૨૦મી મેએ રાત્રે ૯ વાગ્યે કમાન્ડો ૨નો વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર




ભ્રષ્ટાચાર વિરોધી વૈશ્વિક નાગરી સમાજ સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ (ટીઆઈ) દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર સર્વેક્ષણ કરાયેલા ૧૬ એશિયા પેસિફિક દેશોમાં ભારતમાં લાંચના કેસ સૌથી વધુ છે. ભારતમાં દરેક ૧૦માંથી ૭ જણ ભ્રષ્ટાચારમાં સંકળાયેલા છે. કાળાં નાણાંના વ્યવહારોને રોકવા માટે નવેમ્બર ૨૦૧૬માં સરકારે અચાનક ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો પર બંધી લાવતાં રાષ્ટ્રભરમાં ભારે હંગામો મચી ગયો હતો. ખાસ કરીને કાળાં નાણાં રાખનારનું જીવન દોજખ બની ગયું હતું. ભારત સરકાર કાળાં નાણાંના આ દૂષણને રોકવા માટે સતત પ્રયત્નશીલ છે ત્યારે હિંદી ફિલ્મો માટે દુનિયાનું સૌથી વિશાળ ફિલ્મી રંગમંચ ઝી સિનેમા કાળાં નાણાં સામે લડાઈની આવી જ એક વારતા લાવી રહી છે. આના ભાગરૂપ ૨૦ મેના રાત્રે ૯ વાગ્યાથી કમાન્ડો-૨નો વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર પ્રસારિત કરાશે. માર્શલ આર્ટસ ફાઈટર અને એકશન હીરો વિદ્યુત જામવાલ સાથે અદાહ શર્મા, ઈશા ગુપ્તા અને ફ્રેડી દારૂવાલા અભિનિત કમાન્ડો ૨ ભરપૂર એકશન અને ડ્રામા સાથે તમારું મનોરંજન કરવા માટે આવી રહ્યાં છે.

વિખ્યાત રંગમંચ દિગ્દર્શક અને અભિનેતા દેવેન ભોજાણીના દિગ્દર્શન હેઠળની પ્રથમ ફિલ્મ અને કમાન્ડો ફ્રેન્ચાઈઝીનો બીજો હપ્તો છે. કમાન્ડો ૨માં દિલધડક સ્ટંટ્સ (વિદ્યુત જામવાલે કોઈ પણ સ્ટંટ ડબલ્સ કે અશ્વસજ્જાનો ઉપયોગ કર્યો નથી) જોવા મળશે. કમાન્ડો કરણવીર સિંગ ડોગરા (વિદ્યુત જામવાલ) વન મેન આર્મી તરીકે ભારતમાં કાળાં નાણાં લાવવાના આંતરરાષ્ટ્રીય મિશન પર નીકળી પડે છે. (૧૯-૮)

# ગો ડેડીએ 'વર્લ્ડ હોસ્ટિંગ ડે' અને 'નેમ્સકોન ઈન્ડિયા'ની ટાઈટલ સ્પોન્સરશિપની જાહેરાત કરી

GoDaddy™

**મુંબઈ,** વિશ્વનું સૌથી મોટુ ક્લાઉડ પ્લેટફોર્મ ગો ડેડી ઈન્ક (NYSE: GDDY),નાના, સ્વતંત્ર સાહસોને સમર્પિત છે જેણે આજે આગામી ડબ્લ્યુએચડી ઈન્ડિયા (WHD.india) કે જે સૌથી મોટુ સ્વતંત્ર હોસ્ટિંગ અને ક્લાઉડ સર્વિસીસ કોન્ફરન્સ છે અને વિશ્વમાં ડોમેન નેઈમ ઈન્સ્ટ્રીમા સૌથી મોટી એવી નેમ્સકોન ઈન્ડિયા (NamesCon India) માટે પોતાની ટાઈટલ સ્પોન્સરશિપની જાહેરાત કરી છે. ભારતમાં તે ઉદઘાટક નેઈમ્સકોન હશે અને તે મુંબઈ ખાતે ૧૮-૧૯ મે ૨૦૧૭ દરમિયાનમાં ગ્રાન્ડ હયાત ખાતે ડબ્લ્યુએચડી, ઈન્ડિયાની સાતમી આવૃત્તિ સાથે સ્થાન લેશે.

પ્રથમ દિવસે ડબ્લ્યુએચડી ઈન્ડિયા ખાતે ૫૦૦ જેટલા રિસેલર્સ, વેબ ડિઝાઈનર્સ, વેબ ડિઝાઈનર્સ અને ઉદ્યોગની પ્રતિભાશાળી વ્યક્તિઓ ભાગ લે તેવી શક્યતા છે. જ્યારે બીજા દિવસે નેમ્સકોન ૨૦૧૭ને સમર્પિત રહેશે, જેમાં ૨૦૦થી વધુ ડોમેન રોકાણકારો, બ્લોગર્સ અને ડોમેન રિસેલર્સ ભાગ લેશે તેમજ ટાઈટલ સ્પોન્સર હોવા ઉપરાંત, ગો ડેડીના હોસ્ટિંગ પ્રોડક્ટ ડેવલપમેન્ટના સિનીયર વાઈસ પ્રેસિડન્ટ રઘુ મૂર્થી 'વેબ હાસ્ટિંગના ભવિષ્ય પરના સંકેતમાં બોલીવુડનો ૧૦મો પાઠ' પર પોતાનું ચાવીરૂપ સંબોધન કરશે તેમજ પ્રવર્તમાન હોસ્ટિંગ ટ્રેન્ડ પરની ચર્ચા વિચારણા પણ હાથ ધરાશે. આ ઘટનામાં ઉદ્યોગના અન્ય નિષ્ણાતો તેમજ વિચારકો તરફથી ચાવીરૂપ અને આત્મનિરીક્ષણ સત્રો પણ હાથ ધરવામાં આવશે. (૨૦-૪)

# કોમેડિયનની આંખો દ્વારા ભારતીય શહેર જુઓ!



ટ્યુન-ઈન નોંધ

કલા, સંસ્કૃતિ અને ખોરાકનું શહેર; એક શહેર કે જે સુખ સાથે બીમ; એક શહેર જ્યાં ૮,૦૦૦ રિકશો પુરુષો અને આશરે ૨૫૦,૦૦૦ બેઘર શેરી બાળકો રહે છે, કાર્ય અને ઊંઘ - કોલકાતા. આ શહેર ઈંગ્લીશ કોમેડિયનમાં કેવી રીતે દેખાય છે? સોની બીબીસી અર્થ તમને ૨૧ મે, ૨૦૧૭ ના રોજ રાત્રિના ૯: ૦૦ વાગ્યે હોસ્ટ અને હાસ્ય કલાકાર સુપેકિન્સ સાથે તેના નવા શો 'કોલકાતા સ્યુ પેરીકીન્સ' સાથે એક ફૂંકાતા પ્રવાસ પર લઈ જાય છે.

શહેરની ક્યારેય-જોવાયેલા પહેલાની બાજુ બતાવવા માટે એક સાહસિક પ્રવાસ પર ઉપાડ દાખલ કરો. આ શોમાં દર્શકોને શક્તિશાળી કથાઓ સાથે જીવંત લાગે છે જે કોલકતાના ઉત્સાહને પકડી લે છે. તેથી આ શાનદાર અદ્રશ્ય સ્થાનને ચૂકાશો નહીં જે હજુ પણ તેના શ્યામ ભૂતકાળ સાથે બંધાયેલ છે પરંતુ તેજસ્વી ભાવિ તરફ આગળ વધી રહ્યું છે. (૨૦-૪)

# લોકપ્રિય માગણીના સમર્થન સાથે સ્વાઈપે ઈલાઈટ સ્ટારના નવા પ્રકાર લોન્ચ કર્યા




તેની લોકપ્રિય ઈલાઈટ સ્ટાર સિરીઝના અગાઉના વર્ઝન્સની અદભુત સફળતાથી પ્રોત્સાહિત સ્વાઈપ તેના ચાહકો માટે તેના અત્યંત સફળ સ્માર્ટફોનના વધુ બે પ્રકાર લઈને આવી છે. ઈલાઈટ સ્ટારનો ગોલ્ડ પ્રકાર (1+8GB)ની આકર્ષક કિંમત રૂ. ૩૬૯૯ રખાઈ છે અને વધુ મેમરી સાથેનો પ્રકાર (1+16GB) બ્લેક એન્ડ વ્હાઈટ કલરમાં નવેસરથી રજૂ કરાયો છે, જે રૂ ૩૯૯૯ની આકર્ષક કિંમતમાં મળશે.

ઘણા બધા ગ્રાહકો ગોલ્ડ પ્રકાર તપાસવા માટે સોશિયલ મિડિયા પર અમારા સુધી પહોંચ્યા છે. ગોલ્ડમાં નવો પ્રકાર અમારા માનવંતી ગ્રાહકોએ અમને આપેલા ભરપૂર ટેકા માટે આભાર માનવાની અમારી રીત છે.

એન્ડ્રોઈડ એમ (૬.૦)થી પાવર્ડ અને ઉપભોક્તાઓ માટે અગ્રતાની ભાષા માટે ઈન્ડસ ઓપરેટિંગ સિસ્ટમ સાથે ઈલાઈટ સ્ટારનો ૪જી વોલ્ટે- રેડી પ્રકાર ઉપભોક્તાઓને ઈન્ટરનલ મેમરીના ૮જીબી (ગોલ્ડ) અને ૧૬ જીબી (બ્લેક એન્ડ વ્હાઈટ) અપનાવવાની પસંદગી આપે છે. બંને વર્ઝન્સમાં ઉપભોક્તાઓ બહેતર મલ્ટીમિડિયા અનુભવ કરી શકશે, કારણ કે તેઓ ૫- એમપી રિયર કેમેરા થકી રીતસર કોઈ પણ પ્રકાશની સ્થિતિમાં સુંદર ફોટો અને વિડિયો મઢી શકે છે. બંને પ્રકારમાં તેનો ૧.૩ એમપી ફ્રન્ટ કેમેરા વિવિધ સોશિયલ મિડિયા મંચો પર ઉત્તમ સેલ્ફીઓ મળે તેની ખાતરી રાખે છે. બંને પ્રકારમાં હાઈ- પાવર બેટરી ઉપભોક્તાઓને બેટરી પૂરી થવાની ચિંતા જ રહેતી નથી. (૧-૭)

# લવ યુ ફેમિલીનું મ્યુઝિક અને ટ્રેલર રિલીઝ



સચિન્દ્ર શર્માની ફિલ્મ લવ યુ ફેમિલીનું મ્યુઝિક અને ટ્રેલર ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તી ભરત શાહ દ્વારા રિલીઝ કરવામાં આવ્યું હતું. જે ઝી મ્યુઝિક કંપની દ્વારા તેને જારી કરવામાં આવશે. વિપુલ દેવાની અને ડી. એસ. ભાટિયા આ ફિલ્મના પ્રોડ્યુસર છે અને ભરત શાહ પ્રેઝન્ટર છે. જ્યારે ફિલ્મના સહ-પ્રોડ્યુસર છે. ભાવેન ભટ્ટ અને મયુર પટેલ છે.

આ ખાસ પ્રસંગે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અનેક ખાસ હસ્તીઓ હાજર રહી હતી. આ ફિલ્મના મ્યુઝિક ડિરેક્ટર વિષ્ણુ નારાયણ, નરેશ કારવાલ, તન્મય પાહવા, રોબી બાદલ છે. જ્યારે ગાયક સોનુ નિગમ, દિલેર મહેંદી છે. મધુશ્રી, પ્રથમેશ, કલ્પના, જુબિન ગર્ગ અને ગરિમા યાજ્ઞિક ફિલ્મના મુખ્ય કલાકારો છે. જેમની ડાન્સિંગ સ્કીલના લોકો ફેન છે એવા સલમાન યુસુફ ખાન, અકશા પારદાસની, કશ્યપ, નેશનલ એવોર્ડ વિજેતા મનોજ જોશી, નવની પરિહાર, સોનિકા ગિલ, રાજેશ શર્મા, સુનિલ પાલ, આશિષ ગોખલે, સાગરિકા, હિયા સિંહ, ગાર્ગી સિંહ, સાગરિકા, સરવાણી ગોસ્વામી, આયેશા સિંઘ, રાજ શર્મા, સ્વાતિ કુમાર, દેવાંગ રાવલ, ડીએસ ભાટિયા, કુશી દેવાણી, સકલીન ભાટિયા, બિન્દુ દેવાણી, બાળ કલાકાર નમ્ર દેવાણી પણ સામેલ છે. આ ઉપરાંત ફિલ્મમાં શક્તિ કપૂર પણ સામેલ છે. જ્યારે તુર્કીના ઈલકેર કુર્ટે તથા કઝાકિસ્તાનના ફરાદ સામેલ છે.

આ ફિલ્મ છે દરેક યુવતીની કથા, દરેક બાપની કથા, દરેક પરિવારની કથા. ફિલ્મના ડિરેક્ટર સચિન્દ્ર શર્માના કહેવા પ્રમાણે આ ફિલ્મ ૯ જૂને સમગ્ર ભારતમાં રિલીઝ થશે. (૧૯-૮)

XMSEI METROPOLITAN STOCK EXCHANGE OF INDIA LIMITED
THE EXCHANGE FOR A CHANGING INDIA

**METROPOLITAN STOCK EXCHANGE OF INDIA LTD.**

4th Floor, Vibgyor Towers, Plot No.C - 62, Opp. Trident Hotel, Bandra Kurla Complex, Bandra East, Mumbai – 400098. CIN - U65999MH2008PLC185856

**PUBLIC NOTICE**

Notice is hereby given that Aditya Birla Money Limited. The member of Metropolitan Stock Exchange of India Ltd. ("Exchange") having registered office at Indian Rayon Compound, Veraval- 362266 Gujarat and SEBI Registration No. INE261347031, INB261347034 & INF261347034 have applied for surrender of their Trading Membership in Currency Derivatives, Equity Cash and Equity Derivatives Segments.

Any client/ constituent/member/investor having any claim / dispute /grievance with/against Aditya Birla Money Limited, arising out of trades executed in Currency Derivatives, Equity Cash and Equity Derivatives Segments of the Exchange are advised to furnish details of his/their claim in writing to the Arbitration & Investor Grievance Department of the Exchange at the Registered Office address indicated above, within 60 days from the date of this notification; enclosing therewith all supporting documents. No such claims / dispute / grievances filed beyond the said period will be entertained by the Exchange. The complaints filed against the above trading member will be dealt with in accordance with the Rules, Bye-laws and Regulations of the Exchange/Metropolitan Clearing Corporation of India Ltd.

The complaint form can be downloaded from www.msei.in>Investors> ComplaintFormat or maybe obtained from the Exchange office at Mumbai and also at the Regional Offices.

For Metropolitan Stock Exchange of India Ltd.
(formerly known as MCX Stock Exchange Ltd.)
Sd/-
Place: Mumbai, Date: 19/05/2017 Authorised Signatory

**RADHE DEVELOPERS (INDIA) LIMITED**

CIN: L45201GJ1995PLC024491
Regd. Office: 1st Floor, Chunibhai Chambers,
Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009
Phone: +91 79-26583381 | Website: www.radhedevelopers.com
E-mail: secretarial@radheinfra.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Friday, May 26, 2017,** *inter alia*, to consider and approve Audited Financial Results of the Company for the quarter and year ended on March 31, 2017.

The said Notice may be accessed on the Company's website at www.radhedevelopers.com and may also be accessed on the Stock Exchange websites at www.bseindia.com.

Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would **commence from 6:00 p.m. on May 18, 2017 and end 48 hours after the results are made public on May 26, 2017.**

For **Radhe Developers (India) Limited**
Sd/-
Place: Ahmedabad **Mukesh Chaudhary**
Date: May 18, 2017 **Company Secretary**

**TEXEL INDUSTRIES LTD.**
**(CIN NO: L29100GJ1989PLC012576)**

**Registered Office: Block No.2106, Santej Khatraj Road, Near Shah Alloys Ltd., Village: Santej, Tal: Kalol, Dist. Gandhinagar, Gujarat-382721**
**Phone: 02764- 286334**
**Email ID:info@geotexelin.com**

**NOTICE OF BOARD MEETING**

Pursuant to Regulation 29 read with regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), Notice is hereby given that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on Saturday, 27th May, 2017, at 10.30 A.M. at the Registered Office of the Company at Block No. 2106, Santej - Khatraj Road, Nr. Shah Allys Ltd., Vill. Santej, Tal: Kalol (N.G) 382 721, Dist: Gandhinagar, Gujarat, inter alia to consider and approve the Audited financial results for the quarter and year ended 31st March, 2017.

The said notice may be accessed on the Bombay Stock Exchange website at www.bseindia.com and on company website http://www.geotexelin.com/corporate-governance/

For Texel Industries Ltd.
Sd/-
Date: 18/05/2017 Reshma Susan Thomas
Place: Santej Company Secretary

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com